અરજી નં.૩૭૪ તા.૨૭–૨–૦૯

અરજદારઃ શ્રી માણેકશા જે. કુંદિયાણાવાલા
સામાવાળાઃ ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી માણેકશા જે. કુંદિયાણાવાલાની તા.૧૧–૨–૦૯ ની અરજીથી મ્યુ. વર્કશોપમાં ખાલી પડેલ ફોરમેન (મીકે.)ની જગ્યા બાબતની અરજીઓ કેટલા સમયથી પેન્ડીંગ છે? કયા કારણોસર આ કામગીરી પેન્ડીંગ રાખવામાં આવી છે. જેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૭૪/૨૦૦૮–૦૯

શ્રી માણેકશા જે. કુંદિયાણાવાલાની તા.૧૧–૨–૦૯ ની અરજીથી મ્યુ. વર્કશોપમાં ખાલી પડેલ ફોરમેન (મીકે.)ની જગ્યા બાબતની અરજીઓ કેટલા સમયથી પેન્ડીંગ છે? કયા કારણોસર આ કામગીરી પેન્ડીંગ રાખવામાં આવી છે. જેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૧૦ તા.૧૯–૨–૦૯ થી આપેલ જવાબમાં માંગ્યા મુજબની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૫ તા.૭–૩–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેમના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૬૭૬ તા.૧૭–૩–૦૯ થી અત્રે પૂરક વિગતો મોકલી આપવામાં આવેલ છે. જે અનુસાર તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૧૦ તા.૧૯–૨–૦૯ થી અરજદારને સુરત મહાનગરપાલિકાના વર્કશોપમાં ખાલી પડેલ ફોરમેન (મીકે.) ની જગ્યા માટેની અરજીઓ કમિશ્નરશ્રીના તા.૧–૨–૦૯ ના આદેશાનુસાર દફતરે કરવામાં આવેલ હોવાનું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારે મૂળ અરજીથી મ્યુ. વર્કશોપમાં ખાલી પડેલ ફોરમેનની જગ્યા માટેની અરજીઓ કેટલા સમયથી પેન્ડીંગ છે અને કયા કારણસર આ અરજીઓ પેન્ડીંગ રાખવામાં આવી છે તેવી માહિતી માંગેલ. આમ અરજદારે માંગેલ માહિતી જોતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજીઓનું શું કરવામાં આવ્યું તેની માહિતી આપવામાં આવેલ છે. પરંતુ કેટલા સમયથી પેન્ડીંગ છે અને કયા કારણસર તેની કોઈ માહિતી આપવામાં આવેલ હોવાનું જણાતું નથી.

આરટીઆઈ કાયદાની કલમ–૭ (૯) હેઠળ કરેલ જોગવાઈ અનુસાર સામાન્ય રીતે અરજદારે જે પ્રકારે માહિતી માંગેલ હોય તે પ્રકારે આપવા જોગવાઈ કરવામાં આવેલ છે સિવાય કે તેવી રીતે માહિતી આપવાથી જાહેર સત્તા મંડળના નાણાંકીય સ્ત્રોત અપ્રમાણસર રીતે બદલે અથવા દફતરની સુરક્ષા કે દફતરની જાળવણીને વિપરીત અસર કરે. જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતીના ઈન્કાર માટે કલમ–૭(૯) નો અપવાદ ઉપસ્થિત કરેલ જણાતો નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મૂળ અરજીથી માંગેલ બંને મુદ્દાની માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
અ**ને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ,**
(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી માણેકશા જે. કુંદિયાણાવાલા